## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 16

આશાજી હુમ કુછ નાંહી તમે છો સરવે, શ્રેવા તમારી હુમ લીઅણાજી;
તમારા બંદા તે તમેહી તારો, તો નામ રહે ઇલાહી. હરી. (૧૮૮)

આશાજી કાએમ રૂપે શાહ મહેરજ રાખો, આરબી રૂપે અલી તારોજી;
મયા કરીને ભેટાડો દીદાર, તમે શાહ દાતાર. હરી૦ (૧૮૯)

આશાજી કરી દયા ને મહેરજ આણો, અને કરો મહેર મોરારજી;
આરબી રૂપે અલી દીદાર દેજો, તારો તમે તારણહાર. હરી૦ (૧૯૦)

આશાજી કાએમ કાજી રૂપ ધરશે, તીસ દીન કેનું નહીં ચાલેજી;
માપે રાજા આપે વઝીર હોશે, હોશે તે આપો ઈ આપ. હરી. (૧૯૧)

આશાજી જુગ કલપના જીવડા મળશે, મળશે જંબુદ્વીપ માંહેજી;
અદલ ફીરોઈ ફીરસ્તા આવે, તે તો કરશે અદલ ન્યાય. હરી. (૧૯૨)

આશાજી મારી પાપી દાલદ્ર દુર કરશે, કરશે નરજી સોહીજી;
પાપી સીર ત્યાં ગુનાહ પડશે, રોશે તે અતિ અપાર. હરી. (૧૯૩)

આશાજી હાથ પગ પાપીના વાઢી લેશે, તે પડસે ઉંધે માથેજી;
તીસ દીન તેવી વેલા થાશે, જે મહેરજ ન થાશે લગાર. હરી. (૧૯૪)

**Day 16 (continued)**

આશાજી પાપી જીવડા પરલે પડશે, પડશે તે ઘોર અંધારેજી;
માનખા જનમ તે જીવ હાર્યો, જેમ અધુરો ઇંડો જાણુ. હરી. (૧૯૫)

આશાજી જુગાજુગ જે જીવ ખોટા પડશે, તે પડશે ઘોર અંધારજી;
સતપંથમાંહે જે સાચા નહી ચાલે, તે પડશે ઘોર અધાર. હરી. (૧૯૬)

આશાજી ધરમ લીધા તો સનમુખ ચાલો, પાછી ખોટ મ રાખોજી;
સરગ મરત પઇયારજ મળશે, તે માંહે સાંખજ જાશે. હરી. (૧૯૭)

આશાજી કલજુગના સતી જીવડા ચાલશે, તેને શિર છત્ર શાહ
મોરો હોશેજી;
છત્રથી જે દુરજ રહેશે, તેનો જનમ ગયો રંડાઈ. હરી० (૧૯૮)

આશાજી વેતરણી નદી જે જીવ ઉતરી જાશે, પણ ઉતરે તે વીરલા કોઇજી;
આગલ જાતાં રોકાઈ રહેશે, ઉતરે તે વીરલા કોઇ. હરી० (૧૯૯)

આશાજી સરગ હોએલો કોઇ કોઈ પોહોંચે, અને નરગ દુઆરે જીવ
બહોતજી;
નરગ માંહે જીવ બહુ દુઃખ ભોગવે, પડશે ઘોર અંધાર. હરી. (૨૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)